VIKASSHIL VALSAD



# વિકાસશીલ વલસાડ

VALSAD MUNICIPALITY

તંત્રી : અમુલ દેસાઈ | amuldesai1960@gmail.com

SEPTEMBER 2017 I ISSUE : 4 I VALSAD I APPLIED FOR RNI I PAGE - 8 I www.valsadmunicipality.org



## સ્વચ્છતા, સેવા અને સંકલ્પ

રાજ્ય સરકાર દ્વારા પ્રેરિત સેવાસેતુ કાર્યક્રમ પાલિકા દ્વારા થોડ થોડા દિવસોના અંતર્ગત શહેરના વિવિધ સ્થળોએ યોજવામાં આવે છે.જેના થકી સહેરના પ્રજાજનોને રાજ્ય સરકારની અને પાલિકાની વિવિધ યોજનાઓનો લાભ તેમના ઘરની નજીક જ મળી રહે છે સેવાસેતુ કાર્યક્રમનો શહેરનીજનો લાભ ઉઠાવી રહયા છે. પાલિકા દ્વારા  કેન્દ્રસરકારની સ્વચ્છભારત મિશન અર્બન કાર્યક્રમ હેઠળ સ્વચ્છતા એજ સેવા પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વિવિધ કાર્યક્રમો દ્વારા શહેરીજનોને સ્વચ્છતા અંગે તથા કચરાના નિકાલ અંગેની જાણકારી આપવામાં આવી રહી છે. તેજ રીતે પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પથી સિધ્ધી કાર્યક્રમ હેઠળ પાલિકા દ્વારા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોનું પણ આયોજન કરી કેટલાક તેમની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.







સેવાસેતુ કાર્યક્રમ ટાઉન હોલ



ગણેશ વિસર્જનની પૂર્વ તૈયારી

CLEAN & GREEN VALSAD





સેવાસેતુ કાર્યક્રમ



સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ



સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે ખેલ મહાકુંભ



સેવ ઔરંગા કાર્યક્રમમાં તરવૈયાઓની ટીમ




## સ્વચ્છતા સપ્તાહ

કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ હેઠળ સ્વચ્છતા એજ સેવા પખવાડીયાની નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પાલિકા સંચાલિત હોસ્પિટલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રજાજનોને સ્વચ્છતા તથા કચરાના નિકાલ અંગેની પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન) તથા ઉપસ્થિત નગરસેવકો, અધિકારીઓએ જાણકારી આપી હતી.

## મ્યુ. હોસ્પિટલની સ્વચ્છતા

પાલિકા સંચાલીત નવનિર્મિત હોસ્પિટલનું પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન) એ નગરસેવકો, અધિકારીઓ સાથે નિરિક્ષણ કર્યું હતું હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા તમામ દર્દિઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેમને અપાય રહેલી સારવાર અંગે માહિતી મેળવી હતી તેમજ હોસ્પિટલની સ્વચ્છતા અંગે પણ નિરિક્ષણ કર્યું હતું દર્દિઓને હજુપણ વધુ સારી અને સુવિધાયુક્ત સારવારની પણ ખાતરી આપી હતી.





## મ્યુ. હોસ્પિટલની કામગીરી

રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે તા. ૧૯-૬-૨૦૧૭ના રોજ મ્યુનિસિપલ હોસ્પિટલના નવા મકાનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું થોડા સમયમાં જ શહેરના પ્રજાજનો હોસ્પિટલની સસ્તી અને સારી સારવારથી પ્રભાવિત થઈ મોટી સંખ્યામાં તેનો લાભ લઈ રહીયા છે. જેમા દરરોજ આશરે ૪૦૦ જેટલા દર્દીઓ તથા ઓપીડીમાં મહિનામાં આશરે ૨૫૦ જેટલા દર્દીઓ ઈનડોર સેવાનો લાભ રહી રહયા છે.

હાર્દિક શુભેચ્છા સહ...

શ્રી ભાર્ગવ દેસાઈ / શ્રી મનન દેસાઈ

આર્કિટેક્ટ/એન્જીનીયરર્સ

ખંડુજી ટેકરા, વલસાડ.



## સેવાસેતુ કાર્યક્રમ - ટાઉન હોલ

રાજ્ય સરકાર પ્રેરિત સેવાસેતુ કાર્યક્રમ પાલિકા દ્વારા તા. ૭/૯/૨૦૧૭ના રોજ ટાઉન હોલ ખાતે વોર્ડ નં. ૧, ૨, ૩ નો યોજવામાં આવ્યો હતો જેમાં ૧૬૩૧ સેવાની અરજીઓ આવી હતી જે તમામ અરજીઓની સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન), ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ તથા નગરસેવકો અને અધિકારીઓ હાજર રહયા હતા.

## સેવાસેતુ કાર્યક્રમ - મોગરાવાડી

પાલિકા દ્વારા મોગરાવાડી ઝોન ઓફિસ ખાતે વોર્ડ નંબર ૭, ૮, ૯ નો સેવા સેતુ કાર્યક્રમ તા. ૧૨/૯/૨૦૧૭ના રોજ યોજવામાં આવ્યો હતો જેમાં ૧૫૬૮ સેવાની અરજીઓ આવી હતી જે તમામ અરજીઓની સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન), ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, નગરસેવક શ્રી ગીરીશભાઈ દેસાઈ, ઝાકીરભાઈ પઠાણ વિગેરે હાજર હતા.





## સેવાસેતુ કાર્યક્રમ - ટાઉન હોલ

પાલિકા દ્વારા ટાઉન હોલ ખાતે વોર્ડ નંબર ૪,૫,૬ નો સેવા સેતુ કાર્યક્રમ તા. ૧૬/૯/૨૦૧૭ના રોજ યોજવામાં આવ્યો હતો જેમાં ૧૪૪૯ સેવાની અરજીઓ આવી હતી જે તમામ અરજીઓની સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન), ચીફ ઓફિસરશ્રી પારસ મકવાણા, નાયબ મામલતદાર રામભાઈ તથા નગરસેવકો અને અધિકારીઓ ઉપસ્થિત રહી સેવા પુરી પાડી હતી.

હાર્દિક શુભેચ્છા સહ...
શ્રી વિક્રમભાઈ
ગુજરાત ઈન્ફ્રા. પ્રોજેક્ટ
(રોડ કોન્ટ્રેક્ટર)
વલસાડ



## ખાતમુર્હુત - તિથલ રોડ

નાગરીકોને સુવિધાયુક્ત માર્ગો મળે તે માટે શહેરમાં વિવિધ વિસ્તારોમા પેવરબ્લોકના માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહયું છે. તે અંતર્ગત તિથલ રોડ, સ્વર્ગવાશ્રમ મંદિર માર્ગ પેવરબ્લોકથી બનાવવા અંગેનું ખાતમુર્હુત પાલિકા પ્રમુખ સોલનબેન સોલંકી (જૈન), નગરસેવકશ્રી ધર્મિનભાઈ શાહ તથા વરિષ્ઠ નાગરીકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

## ખાતમુર્હુત - હાલર

હાલર વિસ્તાના વોર્ડ નંબર ૧૦ માં ભુલેશ્વર મહાદેવ મંદિર સામેના વિવિધ માર્ગો પેવરબ્લોકથી બનાવવા અંગેનું ખાતમુર્હુત પાલિકા પ્રમુખ સોલનબેન સોલંકી (જૈન), નગરસેવકશ્રી આશિષ દેસાઈ, પુષ્પાબેન ઓઝા તથા વરિષ્ઠ નાગરીકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જેથી આસપાસની જનતામાં ખુશીનું મોજુ ફરી વળયું હતું. પેવર બ્લોક માર્ગ બનવાથી આ વિસ્તારમાં સ્વચ્છતાની જાળવણી થશે.





## ખાતમુર્હુત - અબ્રામા


શહેરના વોર્ડનંબર ૧૩ના પ્રમુખઆશિષ અને પ્રમુખ શિવાલય સોસાયટી વિસ્તારમાં ડામર રોડ બનાવવા પાલિકા પ્રમુખશ્રી સોનલબેન સોલંકી (જૈન), નગરસેવકો સોનલબેન પટેલ તથા નગરજનોની ઉપસ્થિતિમાં ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં પ્રથમ જ વાર ડામર રોડ બનતા સોસાયટી તથા આસ-પાસના રહેવાશીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી અને પાલિકા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

હાર્દિક શુભેચ્છા સહ...

# જયેશ દલાલ

કન્સલટન્ટ/એન્જીનીયર

અઠવા લાઈન્સ સુરત.




તસ્વીર -તિકાત્મક છે.

## એફોડએબલ હાઉસીંગ સ્કીમ

નગરપાલિકા હાઉસીંગ ફોર ઓલ અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગ યોજના (વ્યક્તિગત રૂા. ૩.૫૦ લાખ) હેઠળ સમાવેશ થયેલ છે, આયોજના અતર્ગત આશરે ૩૮૪ જેટલી આવેલી અરજીઓને સરકારશ્રીની મંજુરી માટે મોકલી આપેલ છે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ઘર દીઠ રૂા. ૩.૫૦ લાખનો લાભ લાભાર્થીઓને આપવામાં આવશે અને ૩૦ ચો.મી.નું આવાસ તૈયાર કરવામાં આવશે. ઘરવિહિન શહેરીજનોને/કાચા ઘરની તેજ જગ્યાએ આરસીસીનું પાકું ઘરની સુવિધા મળશે.

## મલાણિયું તળાવ

શહેરમાં કુલ ૬ તળાવો આવેલા છે, જેને નામદાર સરકારશ્રીની સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ ઉંડા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, તળાવોને બ્યુટીફીકેશન કરવા માટેનું આયોનજ કરેલ છે, જે અન્વયે ને. હા. નં. ૮ અબ્રામા પાસે આવેલ માલણિયું તળાવ ને પીપીપી ના ધોરણે ડેવલપમેન્ટ કરવા માટેની દરખાસ્તની નામદાર ગુજરાત સરકારશ્રી તરફથી સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, સરહું તળાવને રૂા. ૩.૫૦. કરોડના ખર્ચે બ્યુટીફીકેશ કરી ડેવલપમેન્ટ કરવામાં આવશે.





## પાલિકા બજાર

પાલિકાના શહીદ ચોક વિસ્તારમાં જૂની ફક્ત ગ્રાઉન્ડફ્લોરની શાકભાજી માર્કેટ, મચ્છી માર્કેટ તથા મટન માર્કેટ આવેલ છે, આ વિસ્તારમાં માર્કેટની બાજુમાં ઘણા જ લારી ગલ્લા, પાથરણાવાળા શાકભાજી વિગેરે વેચી ગુજરાન ચલાવે છે, આમ જે ગ્રાઉન્ડ ફ્લોર + બેમાળનું માર્કેટ બિલ્ડીંગ બનાવવામાં આવે તો તમામ સ્ટ્રીટ વેન્ડરનો સમાવેશ થઈ શકશે તથા રસ્તા ઉપર થતું દબાણ અટકશે નામદાર સરકારશ્રીની એનયુએલએમ ની મળનાર ગ્રાન્ટ માંથી કામો પૂર્ણ કરવામાં આવશે.

હાર્દિક શુભેચ્છા સહ...

શ્રી પ્રશાંત ચોખાવાલા

ચોખાલાવા એન્ડ એસોસીએટસ. આર્કિટેક્ટ

સ્ટેડિયમ રોડ, વલસાડ.



## સ્લમ વિસ્તાર માટે સુવિધા

બેઝીક સર્વિસ ફોર અર્બન પુવર (બીએસયુપી) હેઠળ શહેરના કુલ ૨૮ સ્મલ વિસ્તારના રહીશોને પાયાની સુવિધા જેવી કે રોડ/ રસ્તા પીવાનું પાણી, ડ્રેનેજ કનેકશન તથા સ્ટ્રીટલાઈટ વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરવા પ્રયત્નશીલ છે, સદરહું સ્લમ વિસ્તારોમાં સને: ૨૦૨૦ સુધીમાં તમામ ૨૮ સ્લમ વિસ્તારોને તમામ બેઝીક સર્વિસ પૂરી પાડી ૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવશે.

## મહાત્મા ગાંધી માર્કેટ

નગરપાલિકાએ શહેરી ગરીબો માટે નાની દુકાન શોપ/ઓફીસ માટેનું આયોજન કરેલ છે. સદરહુ બિલ્ડીંગને રીડેવલપમેન્ટ કરવાની જરૂર છે. બિલ્ડીંગ ખુબજ જર્જરિત છે. જેને સ્થાને નવું બિલ્ડીંગ બનાવવા માટેનું આયોજન કરેલ છે, ગ્રાઉન્ડફલોર + બે માળના મકાનમાં નાના સ્ટ્રીટ વેન્ડરને ધંધો/રોજગારી માટે નાની દુકાનો તથા ઓફિસની જગ્યા મળશે, અને રોજગારી ઉભી થશે.







## સેવ ઔરંગા

સેવ ઔરંગા કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન) તથા ચીફ ઈન્જીનીયર હિતેશ પટેલ હાજર રહયા હતા આ નિમિત્તે યોજાયેલી તરણ સ્પર્ધામાં સુરત વલસાડ સહિત અનેક શહેરના તરવૈયાઓએ ભાગ લીધો હતો જેમાં સુરતના બકુલાબેન પટેલે (૭૪ વર્ષ) ભાગ લીધો હતો બકુલાબેન અનેક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈ અનેક મેડલો મેળવી ચુકયા છે તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા છે.

હાર્દિક શુભેચ્છા સહ...
શ્રી પ્રફુલ મિસ્ત્રી
આર્કિટેક્ટ
ડી.એન. શોપીંગ સેન્ટર, વલસાડ.



## ગણેશજીની વિદાય

શહેરના અનેક વિસ્તારોમાં ગણેશજીની સ્થાપના અને વિસર્જન ઘણી જ શ્રધ્ધા અને ભક્તિભાવ થી આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. વિસર્જન માટે ઔરંગા નદીના કિનારે પાલિકા ચીફ ઓફિસર પારસ મકવાણા તથા ચીફ ઈન્જીનીયર હિતેશ પટેલ દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. પાલિકાનો ફાયરબ્રિગેડનો સ્ટાફ તથા પોલીસ સ્ટાફ પણ વિસર્જન પ્રક્રિયામાં મળશ્કે ૫.૩૦ કલાક સુધી કામગીરી કરી હતી. પાલિકા પ્રમુખ સોનલબેન સોલંકી (જૈન) ને ગણેશ વિસર્જનમાં હાજર રહી પૂજા અર્ચના કરી હતી.

## સંકલ્પ થી સિધ્ધી

દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ થી સિધ્ધી કાર્યક્રમ હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પારડી ખાતે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત નગરપાલિકાના હોદ્દેદારો નો કાર્યક્રમ રાખ્યો હતો જેમાં નગરપાલિકા પ્રમુખશ્રી સોનલબેન સોલંકી (જૈન) તથા નગર સેવક ભાગ લીધો હતો આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓ અને તેની સિધ્ધી માટે અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા જીલ્લાના વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





## મહિલા સ્વાવલંબન દિવસ

તા. ૩-૮-૩૦૧૭ના રોજ મહિલા સ્વાવલંબન દિવસ પર યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા નિયામકશ્રી ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા રોજગાર અધિકારીશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અધિકારીશ્રી, ઓના વ્યકત્વ્ય દ્વારા બહેનોને સખીમંડળમાં થતાં લાભ, લોન સહાય, કૌશલ્ય તાલીમ, સાધન સહાય અંગેની માહિતી આપી હતી. અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનના અધિકારીશ્રી દ્વારા મહિલાઓને અભય બનાવતી તેમને સલાહ, બચાવ મદદ, સૂચન માર્ગદર્શન આપ્યું હતું.

હાર્દિક શુભેચ્છા સહ...

શ્રી પ્રવિણભાઈ ગજ્જર / શ્રી પ્રણવ ગજ્જર

ગજ્જર એન્ડ એસોસીએટસ. આર્કિટેક્ટ

વલસાડ.



## ખેલ મહાકુંભ

નગરપાલિકા દ્વારા સંચાલિત અધ્યતન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે આખા વર્ષ દરમિયાન વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન થતું હોય છે જેમા રાજ્ય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ જેવી મહત્વની સ્પર્ધાઓનું પણ સ્પોટર્સ કોમ્પ્લેક્ષ ખાતે આયોજન થતું હોય છે. આ વર્ષે પણ તા. ૭-૯-૨૦૧૭ના રોજ ખેલ મહાકુંભમાં જીલ્લાકક્ષાની લોન ટેનિસ અને ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન થયું હતું આ બન્ને સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## લોન ટેનિસ સ્પર્ધા

સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભમાં લોન ટેનિસની સ્પર્ધામાં ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો જિલ્લા કક્ષાની લોન ટેનિસ સ્પર્ધામાં સિંગલ્સની ઓપન સ્પર્ધામાં મહેશ એલ. મિનારીયા ચેમ્પીયન થયા હતા તેમણે ફાઈનમાં અમિતને પરાજય આપ્યો હતો જ્યારે ડબલ્સની ઓપન સ્પર્ધામાં મહેશ એલ. મિનારીયા તથા મિશ્રાજી વિજયી થયા હતા. લોન ટેનિસના ખેલાડીઓ સ્પોર્ટ કોમ્પ્લેક્ષના અધ્યતન લોન ટેનિસ કોર્ટની પ્રશંસા કરી હતી.







## ટેબલ ટેનિસ સ્પર્ધા

સ્પોટર્સ કોમ્પ્લેક્ષ ખાતે આયોજી ખેલ મહાકુંભમાં બાળકો અને યુવાનોએ પણ ભારે ઉત્સાહ થી ભાગ લીધો હતો. જીલ્લા કક્ષાની યોજાયેલી ટેબલ ટેનિસ ગર્લ્સ અંડર - ૧૪ સ્પર્ધામાં ઈશા પટેલ તથા ગર્લ્સ અંડર -૧૭ સ્પર્ધામાં હરી પટેલ તથા બોયસ અંડર - ૧૪ હેત શાહ તથા બોય અંડર - ૧૭ સ્પર્ધામાં રીષી પટેલ તથા ઓપન કેટેગરીમાં બોયસ સિંગલ્સમાં નિર્સગ વિજેતા થયા હતા.

હાર્દિક શુભેચ્છા સહ...

શ્રી જે. એમ. શાહ

રોડ કોન્ટ્રેક્ટર

મરોલી, તા. જી. વલસાડ.